ફોજદારી ગુનામાં દોષિત ઠરેલ સરકારી અધિકારી/કર્મચારીને કરવામાં આવેલ સજા સામેની અપીલ ઉપલી કોર્ટમાં પડતર હોય ત્યારે તેમની સામે ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો ૨૦૦૨ના નિયમ-૨૩-૨૪ મુજબ પગલાં લેવા બાબત......સુધારો........

**ગુજરાત સરકાર**
**નાણા વિભાગ,**
સુધારા પરિપત્ર ક્રમાંક. પશન-૧૦૨૦૦૯-શુ.૧૩-પી,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨૮-૦૧-૨૦૧૦.

**વંચાણમાં લીધાઃ-**

(૧) ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ ના નિયમ (૨૩) અને (૨૪)
(૨) પરિપત્ર ક્રમાંક.સીડીઆર-૧૦૯૬-૭૯-ત.એ. સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તા. ૦૫-૦૮-૦૩.
(૩) પરિપત્ર ક્રમાંક. પશન-૧૦૨૦૦૯-શુ.૧૩-પી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. તારીખઃ-૦૧-૧૦-૨૦૦૯.

**સુધારો;-**

વંચાણે લીધેલ ક્રમાંક-૩ ના તારીખ ૦૧/૧૦/૨૦૦૯ના પરિપત્રના પેરા ૨ માં .........**આવા કેસમાં અપીલનાં ચુકાદાની અધિકૃત નકલ મેળવી** બનતી ત્વરાએ પેન્શન કેસનું આખરી કરણ કરવાનું રહેશે. " એવો ઉલ્લેખ છે.

નિર્દોષ છુટેલ સરકારી કર્મચારી સામેનાં કેસમાં સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ અપીલ પરત્વે ઉપલી કોર્ટ દ્વારા STAY આપવામાં આવેલ ન હોય તેનાં ચુકાદાની નકલ ઉપલબ્ધ થતી ન હોવાથી પેન્શન કેસનો નિકાલ કેવી રીતે કરવો. તેવી પૃચ્છા ઘણા વિભાગો/કચેરીઓ દ્વારા કરવામાં આવતી હોવાથી નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

" આવા કેસમાં અપીલનાં ચુકાદાની અધિકૃત નકલ મેળવી બનતી ત્વરાએ પેન્શન કેસનું આખરી કરણ કરવાનું રહેશે. " ના બદલે **આવા કેસમાં જે તે નામદાર નીચલી કોર્ટના ચુકાદાની અધિકૃત નકલ મેળવી અને નામદાર ઉપલી કોર્ટ દ્વારા મનાઈ હુકમ આપવામાં આવેલ નથી, તેની પુરતી ખાતરી કરી** બનતી ત્વરાએ પેન્શન કેસનું આખરી કરણ કરવાનું રહેશે. "

પરિપત્રની અન્ય તમામ બાબતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( શૈલજા પટેલ )
સરકારના નાયબ સચિવ (પેન્શન)
નાણા વિભાગ.

**નકલ રવાનાઃ-**

* રાજ્યપાલના સચિવશ્રી રાજભવન, ગાંધીનગર.
માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી
સર્વે માનનીય મંત્રેશ્રીઓ,રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ,અમદાવાદ.
* સચિવશ્રી ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ ગાંધીનગર.
* સચિવશ્રી ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
* સચિવશ્રી ગુજરાત તકેદારી આયોગ ગાંધીનગર.
* સચિવશ્રી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર.
* સચિવશ્રી ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ અમદાવાદ.
સચિવાલયના તમામ વહીવટી વિભાગો.
નાણા વિભાગના તમામ અધિકારીશ્રીઓ
તમામ ખાતાના વડાઓ, સિસ્ટમ મેનેજર, નાણા વિભાગ વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી માટે.
સિલેક્ટ ફાઇલ પી શાખા

*પત્ર દ્વારા